૨

મફત તબીબી સહાયની યોજનામાં એચ.આઇ.વી./એઇડ્સ શબ્દની જગ્યાએ "SERO-POSITIVE ILLNESS" શબ્દનો ઉપયોગ કરવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૮/૩૫૧/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૫/૦૯/૨૦૧૮

વંચાણમાં લીધા:-

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૫/૦૮/૨૦૦૯નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૪૦૯/ન.બા.-૧/અ
૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૧૩/૦૪/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ/૧૦૨૦૧૧/ન.બા.-૨/ગ
૩. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૮/૦૮/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૧૫/૩૩૯૫૦૦/ગ
૪. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૮/૧૨/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૧૫/૩૩૯૫૦૦/ગ
૫. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૫/૧૨/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ/૧૦૧૫/૩૩૯૫૦૦/ગ
૬. નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૨૭/૦૨/૨૦૧૮નો પત્ર ક્રમાંક: વિજાક/જન/તબીબી/૨૦૧૭-૧૮/૨૬૭

આ મુ ખ :

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૨૫/૦૮/૨૦૦૯ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે પછાત વર્ગ માટેની અને વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના તા:૧૩/૦૪/૨૦૧૨ના ઠરાવથી અનુસૂચિત જાતિ માટેની મફત તબીબી સહાય યોજનામાં એચ.આઇ.વી./એઇડ્સગ્રસ્ત દર્દીઓને પણ માસિક રૂ.૫૦૦/- રોગ મટે ત્યાં સુધી આપવાનું ઠરાવેલ હતું. ત્યાર બાદ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના તા.૨૮/૦૮/૨૦૧૫ના ઠરાવથી અને વંચાણે લીધેલ ક્રમાંક: (૫) પરના તા.૦૫/૧૨/૨૦૧૬ના ઠરાવથી વિભાગ હસ્તકની મફત તબીબી સહાય યોજના આરોગ્ય અને

પરિવાર કલ્યાણ વિભાગ હસ્તક મૂકવામાં આવેલ હતી. વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૪) પરના તા.૦૮/૧૨/૨૦૧૫ના ઠરાવથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તક મૂકેલ આ યોજના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકના નેશનલ હેલ્થ મિશન અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ એટલે કે તા.૦૧/૦૪/૨૦૧૬ થી અમલ કરવાનું ઠરાવેલ છે. આ યોજનાના ફોર્મ પર એચ.આઇ.વી. પોઝીટીવ/એઇડ્સગ્રસ્ત શબ્દ હોવાથી બાળકની એચ.આઇ.વી./એઇડ્સ અવસ્થાની જાણ બાળકના અભ્યાસના સ્થળે થવાની સંભાવના હોવાથી વંચાણે લીધેલ ક્રમાંક: (૬) પરના નિયામકશ્રી(વિ.જા.ક.)ના તા.૨૭/૦૨/૨૦૧૮ના પત્રથી આ યોજનાના ફોર્મમાં એચ.આઇ.વી./એઇડ્સ શબ્દ દૂર કરી તેના સ્થાને અન્ય શબ્દનો ઉપયોગ કરવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :

કાળજીપૂર્વકની વિચારણાના અંતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અમલી આ વિભાગની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ અને અનુસૂચિત જાતિના એચ.આઇ.વી./એઇડ્સગ્રસ્ત દર્દીઓને સહાય આપવા માટેની મફત તબીબી સહાય યોજનામાં બાળકની એચ.આઇ.વી./એઇડ્સ અવસ્થાની જાણ બાળકના અભ્યાસના સ્થળે ન થાય તેમજ તેઓ નિ:સંકોચપણે વિભાગની આ યોજનાનો લાભ લઇ શકે તે હેતુથી આ યોજના પૂરતું એચ.આઇ.વી./એઇડ્સ શબ્દની જગ્યાએ "SERO-POSITIVE ILLNESS" શબ્દનો ઉપયોગ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની તા.૧૯/૦૭/૨૦૧૮ની નોંધથી મળેલ માર્ગદર્શન અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.ઘાંચી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું/ અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, બ્લોક નં.-૪, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.